# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એક દુકાનને સિલ મારવામાં આવ્યું

## દુકાન માલિક દ્વારા આજદિન સુધીનો પાલિકા વેરો ના ભરતા કડક કાર્યવાહી

પ્રાંતિજ,તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ અદ્યતન ગોપીનાથ કોમ્પલેક્ષમાં ભોંયતળીયે આવેલ એક દુકાનને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સિલ મારવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર ભાંખરીયા પાસે આવેલ ગોપીનાથ કોમ્પલેક્ષમાં આવેલ દુકાન મોદી નીપાબેન હસમુખભાઈ કે જેવો દ્વારા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા દર વર્ષે લેવામાં આવતો વેરો આજદિન સુધી દુકાન માલિકને લેખિત તથા મૌખિકમાં જાણ કરવા છતાં કર્મચારીઓ દ્વારા વારે ઘડીએ ઉઘરાણી કરવા છતાં કુલ વેરાની રકમ ૧૫૦૦૦ ના ભરી જતા નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, વ્હોરાભાઈ, કેતન રાવલ, ગુણવંતભાઈ, ચીન્ટુભાઈ સહિતના સ્ટાફ દ્વારા ગોપીનાથ કોમ્પલેક્ષમાં આવી દુકાનને સિલ કરવામાં આવી હતી. જ્યારે પાલિકા ચીફ ઓફિસર દ્વારા કડક પગલાં ભરાતા અન્ય વેરા બાકી દુકાનદારોમાં પણ ફફડાટ વ્યાપ્યો હતો અને વેરાઓ ભરવા માટે પોલીકામાં દોડી આવ્યા હતા.







**બનાસકાંઠામાં કમોસમી વરસાદથી ઉભો પાક નષ્ટ થતા ખેડૂતો ચિંતાતુર**

બનાસકાંઠા જિલ્લામાં શુક્ર-શનિ પડેલા કમોસમી ભારે વરસાદથી શિયાળુ પાકને મહદ અંશે નુકશાન થયું છે જેથી ધરતીપુત્રો ચિંતાતુર બની ગયા છે. બનાસકાંઠામાં આંધી-પવન અને વીજળીના કડાકા-ભડાકા સથે ભર ઉનાળે ચોમાસાનો માહોલ જયારે વહેલી સવારે કડકડતી ઠંડીથી શિયાળો એમ એક સાથે ત્રેવડી ઋતુ સર્જાતા જનજીવન પર ભારે ઉથલ પાથલ સર્જાઈ હતી.કમોસમી વરસાદને પગલે ખેતરમાં ઉભા અરંડા, ઘઉં, વરિયાળી, રાઈ સહિતના પાકોને પણ નુકસાન પહોંચ્યુ છે. (તસવીર : હરેશ જોષી)

# બનાસકાંઠામાં કમોસમી વરસાદ અને વાવાઝોડાથી વ્યાપક નુકશાન

ડીસા, તા. ૧૪

ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં સમી સાંજે કાળાં ડીબાંગ વાદળો ઘેરાતા મોસમનો મિજાજ બદલાયો હતો. સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા જોરદાર વાવાઝોડુ ફુંકાયા હતું. જેના કારણે ભારે ગતિના પવન સાથે વરસાદ પડતા ઘઉ, એરંડા, વરીયાળી અને બટાટાના ઉભા પાકને વ્યાપક નુકશાન થયું છે. જેમાં દાંતા, અમીરગઢ, વડગામ, ડીસા સહીતનાં તાલુકા વધારે અસરગ્રસ્ત બન્યા છે. અને ઉભા પાકને વ્યાપક નુકશાન થયું છે. જેનાથી જગતનાં તાત એવા ખેડૂતોની હાલત દયનીય બનેલ છે, જ્યારે શહેરી વિસ્તારો પણ વાવાઝોડાની ઝપેટમાં આવતા વીજ પોલ ધરાસાઈ થવા, મકાનનાં પતરા ઉડવા, વૃક્ષો પડી જવા જેવા અનેકો બનાવ નોંધાયા છે.

ઉત્તાર ગુજરાત સહીત બનાસકાંઠામાં ગત રાત્રે હવામાનમાં વેસ્ટન ડીસ્ટબન્સથી ભારે પવન સાથે ફુંકાયેલા વાવાઝોડાએ તબાહી મચાવી હતી અને શહેરી વિસ્તારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પવન સાથે વરસાદ ખાબકયો હતો. બનાસકાંઠાના ડીસા, અમીરગઢ, દાંતા, પાલનપુર, વડગામ, લાખની, થરાદ પંથકમાં આ વાવાઝોડાની અસર જોવા મળી હતી. તેમજ અચાનક થયેલા આ વાતાવરણના ફેરફારથી સહુથી વધુ ખેડૂતો પીડિત બન્યા હતા. અને ભારે પવન અને વરસાદથી ખેડૂતોના મોઢે આવેલો કોળીયો સમાન ઉભા પાકનો ખુરદો બોલી ગયો હતો અને ઘઉ, એરંડા, વરીયાળી તેમજ બટાટાને વ્યાપક નુકશાન થયું હતું. ખેડૂતોના ખેતરમાં પડેલા બટાટા પલળી જતા કોહવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, તો અનેકો જગ્યાએ ઝાડ પડી જતા રસ્તા અવરોધાયા હતા, જ્યારે શહેરમાં વીજ વાયરો અને પોલ તુટી પડતા અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને ડીસાના અનેકો વિસ્તાર આખી રાત્રી અંધકાર છવાયો હતો. અહીં જોરદાર વાવાઝોડુ ફુંકાવાના કારણે અનેક સ્થળે વીજપોલ, વૃક્ષો અને મકાનોને નુકશાન થવા પામ્યું હતું. વરસાદી માવઠાની અસર તળે પીડિત ખેડૂતો સરકારને સહાય માટે આજીજી કરી રહ્યા છે.

બનાસકાંઠામાં ગત રાત્રીએ વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદમાં પવનની ગતિ પ્રતિ કલાક ૧૨૦ કિલોમીટરની હોવાનું હવામાન વિભાગના રેકર્ડમાં નોંધાયું છે. આ વરસાદમાં પાલનપુરમાં ૩ મી.મી., અમીરગઢમાં ૮ મી.મી., વડગામમાં ૨ મી.મી., થરાદમાં ૨ મી.મી., જ્યારે ડીસામાં સહુથી વધુ ૧૫ મી.મી. વરસાદ નોંધાયો છે. હાલની આ હવામાનની સ્થિતિ વિશે ડીસા હવામન વિભાગ વૈજ્ઞાનિક મહેન્દ્રભાઈ ચૌધરીએ વેસ્ટન ડીસ્ટબન્સથી બની હોવાનું તેમજ આ અસર બે દિવસ અગાઉ પાકિસ્તાનમાં ઉદ્ભવેલી લૉ પ્રેસર સીસ્ટમને આભારી હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં આ લૉ પ્રેસરની અસર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનને અડીને આવેલા બોર્ડરના ગામોમાં વધુ હોવાનું તેમણે જણાવ્યું હતું અને આગામી ૪૮ કલાક સુધી આ અસરે હળવો વરસાદ ચાલુ રહી શકે છે તેવું તેમને જણાવ્યું હતું.

જ્યારે શનિવારના બપોરના સમયે ડીસાના ભોંયન અને અમીરગઢ પંથકમાં કરા સાથે વરસાદ પડ્યો છે. જેનાથી લોકો કુદરતના આ નજારાને જોઈ અચંબિત થઈ જોઈ રહ્યા છે.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



### ખેડબ્રહ્મામાં કરા સાથે વરસાદ

ખેડબ્રહ્મામાં શનિવારે બપોરે ગાજવીજ સાથે કરાનો વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## બ્રહ્મસમાજ મહિલા પાંખે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ મનાવ્યો

ગાંધીનગર, તા. ૧૪

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે નારી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ દિવસે ફાલ્ગુનના ગીતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજની બહેનોએ ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે પાંખ દ્વારા પ્રતિભાબેન દવેને સમાજ રત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અરૂણાબેન ઓઝાએ આરોગ્યની જાગૃતિ માટે ઉપયોગી માહિતી કાર્યક્રમમાં આપી હતી. નારીને સામાજીક ક્ષેત્રે ઉપયોગી રસ સભર માહિતી આપી હતી.


## ચિખલી ગામે વીજળી પડતા બે દાઝયા

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકામાં શનિવાર બપોરે ગાજ વિજ સાથે વરસાદ ખબકયો હતો. જેમાં લખોટી જેવડા કરા પણ પડયા હતા.

આ સમયે બપોરે ૩ વાગ્યે ચિખલી ગામે અવકાશી વિજળી પડતા ઉજમાભાઈ જોરાભાઈ ગમાર (ઉ.વ.૫૭) અને યુવરાજ અજીતભાઈ ગમાર (૪ વર્ષ) દાઝી ગયા હતા. જેમને સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જયાંથી તેમને હિંમતનગર ખાતે વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા હતા.






ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ચિલોડા, જાખોરા, રાજપુર સહિતના અનેક ગામોમાં સમી સાંજે હળવા વરસાદ સાથે બરફના કરા પડતા કૌતુક ફેલાયું હતું. માર્ચ મહિનામાં સતત ચોથી વાર વરસાદી માહોલ સર્જાતા ઘઉંના પાકને નુકશાન થવાની શકયતાઓ ઉભી થવા પામતા ખેડૂતોને મોમાં આવેલ કોળિયો ઝુંટવાઈ જવાની ચિંતા સતાવી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ૪૪મી ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું સમાપન

૪૪મી ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસના સમાપન સમારોહ પ્રસંગે ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૪૪મી ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસના છેલ્લા દિવસે ભારતના રાજયોના ઉચ્ચકક્ષાના પ્રતિનિધઓએ વિવિધ વિષયો પર થયેલી ચર્ચા અંગે સમીક્ષા રજુ કરી. ચર્ચા દરમિયાન નવા સુચનોનો પણ ઉમેરો કરવામાં આવેલ. વિચારો ભલામણના રૂપમાં બીપીઆર એન્ડ ડી તરફથી ભારત સરકારને વિચારણા માટે ગૃહ મંત્રાલયને રજુ કરવામાંઆવશે. દિવસના છેલ્લા સત્રમાં ગુજરાત પોલીસ તરફથી પ્રેડેકટીવ પોલીસીંગના વિષય ઉપર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ હતું. જે તકનીકી સાંખીકીય આંકડાઓના વિશ્લેષણ ઉપર આધારીત હતું તેમજ કમ્પ્યુટર સોફટવેર ગુના તથા કાયદો અને વ્યવસ્થામાં ભવિષ્ય માટે ટ્રેન્ડ રજુ કરશે. ગુજરાતના પોલીસ મહાનિર્દેશક પી.સી.ઠાકુરે ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસના સફળ આયોજન માટે બીપીઆર એન્ડ ડી તેમજ ગુજરાત પોલીસના તમામ કમિટિઓના અધિકારીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## શબ્દાવલી - ૫૬૭૦



### આડી ચાવી

- ૧. ખોબો, પોશ (૩)
- ૩. કવિતાની રચના કરનાર પુરુષ(૨)
- ૬. જનતા, લોક (૨)
- ૭. બળજબરી, બળનો ઉપયોગ (૫)
- ૯. એક ફળ (૪)
- ૧૦. પહોંચ, ગુજાશ, ... પ્રમાણએ (૨)
- ૧૧. કરડવું, ચટકો, દંશ (૨)
- ૧૩. ચીરી કે ફાડી નાખવું (૪)
- ૧૫. ફુલની ચાદર, ઘોડા કે હાથી પર નાખવાની ચાદર (૩)
- ૧૭. સ્ત્રી ધન, દહેજ (૩)
- ૧૮. અપ્રમાણિક, ખોટા બોલું(૩)
- ૨૦. ઓછું (૨)
- ૨૧. સાવ સૂન્ય સ્થાન, ખાલી(૫)

### ઊભી ચાવી

- ૧. હનુમાનજીની માતા (૩)
- ૨. જનમેદની, લોકોનો સમૂહ (૬)
- ૩. ચાવી, યુક્ત (૨)
- ૪. બ્રાહ્મણ (૨)
- ૫. પ્રસિદ્ધ, જગમાં જાણીતું(૫)
- ૭. ટોર્ચ, લાઇટ (૨)
- ૮. સાધના, મેળાપ (૨)
- ૧૨. વાંસની ચીપ (૩)
- ૧૩. કરૂણ, હૃદય ચીરી નાખે તેવું (૪)
- ૧૪. માટી ધૂળ જેવો કરારો(૩)
- ૧૬. શઠ, ધૂર્ત (૨)
- ૧૯. બંધન, જકડવું તે (૨)

### શબ્દાવલી ૫૬૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગગન (૩) સિફત (૬) નિર્જળા (૮) તક (૯) નાકાબંધી (૧૨) પસવાળવું (૧૩) લોભ (૧૫) રીત (૧૭) તલાટી (૧૮) સર્વત્ર (૧૯) ટીમ (૨૦) અથાગ (૨૨) પાપડખાર

**ઊભી ચાવી :-** (૨) ગર્જના (૨) ગળાકાપર (૪) ફટકવું (૫) તક (૭) સંધીવાત (૧૦) બંસરી (૧૧) લીલોતરી (૧૪) ભલામણ (૧૬) પત્રકાર (૧૮) સગડ (૨૦) અપા (૨૧) થાપ

### પેપર સરળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી તેના ઉત્તર વિદ્યાર્થીઓએ વિચારીને આપવાની ફરજ પડી હતી. આકૃતિ સંબંધિત ત્રણ પ્રશ્નો પણ સરળ રહ્યા હતા. પ્રશ્નપત્ર સરળ અને સ્કોર કરી શકાય તેવું હોવાથી વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. પરીક્ષા કન્ટ્રોલરૂમ તરફથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર જિલ્લામાંથી ૨૯૪૨૮ પૈકી ૨૯૧૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે ૩૨૧ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો નથી.

### કરા પડ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી હામમાં ભેજનું પ્રમાણ વધીને સવારે ૬૭ ટકા નોંધાયું હતું જે સાંજે પણ ૪૫ ટકા સુધી રહ્યું હતું. વરસાદી વાતાવરણ હોવા છતાં રાત્રિનાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. દિવસ દરમિયાન વાતાવરણ તદ્દન ચોખ્ખુ અને શુષ્ક ભાસતું હતુ પરંતુ સાંજમા સુમારે પૂર્વ તરફના આકાશમાં ઉમટી આવેલા કાળા ડિબાંગ વાદળોએ મૌસમમાં પરિવર્તન લાવી દીધું હતું. ચ રોડ તરફના અમુક સેકટરમાં બરફના કરા સાથે હળવો વરસાદ પડયો હતો.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

# વર્ષ-૨૦૧૫-૧૬માં અંદાજે ૨૪૦૦ તલાટી કમ મંત્રીઓની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી વર્ષ દરમ્યાન પંચાયત ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અંદાજે ૨૪૦૦ જેટલી તલાટી કમ મંત્રીઓની ભરતી કરવામાં આવનાર છે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષ-૨૦૧૫-૧૬માં તલાટી કમ મંત્રીની ૨૪૦૦, જૂનીયર ક્લાર્કની ૨૯૬, મલ્ટીપરપઝ હેલ્થ વર્કરની ૧૩૫૨, ફીમેલ હેલ્થવર્કરની ૪૫૪, અધિક મદદનીશ ઈજનેરની ૭૦, નાયબ ચીટનીશની ૪૦, કંપાઉન્ડરની ૩૨, સ્ટાફ નર્સની ૧૮, મુખ્ય સેવિકાની ૩૦, મળી કુલ ૫૨૯૫ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ ઈ-ગ્રામ સેન્ટરોમાં ઝડપ લાવવા માટે ઈન્ટરનેટ બેન્ડવીથ ૩૭થી વધારી ૯૬ એમ.બી.પી.એસ. કરવામાં આવી છે. વર્ષ-૨૦૧૪-૧૫માં ૮૩.૪૨ કરોડ જોગવાઈ સામે ૫૫ કરોડ ખર્ચ આગામી વર્ષે ગામડાઓને વાઈ-ફાઈ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે બે કરોડની જોગવાઈ નવી બાબત સાથે વર્ષ-૨૦૧૫-૧૬માં ૨. ૮૨ કરોડની જોગવાઈ સૂચિત છે.

દસ વર્ષમાં પંચાયત વિભાગના બજેટમાં ૬.૦૭ ગણો વધારો કરવામાં આવ્યો છે. અને ગ્રામ વિકાસ વિભાગના બજેટમાં સરેરાશ ૨.૫ ગણો વધારો કરવામાં આવ્યો છે.

### ટ્રેક પર સુઈ ગયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૨-એ-પ્લોટ નં. ૪૦/૨ ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ છનાભાઈ પટેલ મકાન બાંધકામનો વ્યવસાય કરે છે. સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ થયા મુજબ પેથાપુર અને રાયસણમાં પ્લોટીંગ પાડવા તેમણે સે. ૨૮ના પટેલ હસમુખભાઈ પાસેથી રૂ. ૪૧ લાખ લીધા હતા. જમીન એન.એ. ન થતા સોદો રદ બાતલ થયો હતો. આ પેટે ૩ ટકા વ્યાજ તથા લેવાના નીકળતા રૂપિયા માટે અવારનવાર ફોન કરી ધમકીઓ અપાઈ રહી હતી. એકવાર ઉઠાવીને તેને પ્રાંતિજ લઈ જવાયા બાદ રૂ. ૨૦ લાખનું બીજુ લખાણ પણ બળજબરીથી કરાવી લીધુ હતુ. અને ગઈકાલે રૂપિયા લેવા ઘરે આવવાનું વ્યાજખોરોએ જણાવ્યું હતું. જેથી ડરી ગયેલા ધર્મેન્દ્રભાઈ બહાર નીકળી ગયા હતા. તેમની ગેરહાજરીમાં પત્નિ સાથે હસમુખભાઈ પટેલ અને પ્રાંતિજના હિતેશભાઈ પટેલે મળીને ગેરવર્તણુંક અને છેડતી કરી હતી અને ત્યાંથી જ બંનેએ ફોન કરીને ધર્મેન્દ્રભાઈને પ્રાંતિજથી ગુંડા મોકલીને મર્ડર કરાવી દેવાની ધમકી આપી રૂપિયા આપી જવા કહ્યું હતું. કંટાળી ગયેલા ધર્મેન્દ્રભાઈએ ઝેરી દવા પી લઈ વાવોલ રેલવે ફાટક નજીક ટ્રેક પર સુઈ ગયા હતા. ટ્રેન આવવાની પાંચ જ મિનિટ બાકી હતી ત્યાં એક રાહદારીનું ધ્યાન ટ્રેક પર સુતેલા બિલ્ડર પર પડતા તેમને ટ્રેક પરથી ખસેડ્યા હતા. બેભાન થયેલી હાલતમાં પડેલા બિલ્ડર ધર્મેન્દ્રભાઈને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અંગે રેલવે પોલીસમથકના જમાદાર જસવંતસિંહ ચાવડા અને નારાયણભાઈએ ગુનો નોંધી સ્યુસાઈડ નોટ કબ્જે લઈ વધુ તપાસ શરૂ કરી છે. મળતી વિગત મુજબ હિતેશ પટેલ શિક્ષક અને હસમુખ પટેલ હાઈકોર્ટમાં અધિકારી છે.

### પેપર અટપટુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા હતા. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એકપણ કોપી કેસ નોંધાયો ન હતો. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાનનું પેપર એકંદરે સરળ અને પાઠ્યપુસ્તક આધારિત હતુ. વેદ ઈન્ટરનેશનલના વિષય નિષ્ણાંત નયન ત્રિવેદીએ જણાવ્યું હતું કે રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હોંશિયાર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યું હતું, જ્યારે ત્રણ એમ.સી.ક્યુ. ટ્વીટ કરીને પુછાયા હતા. જે સામાન્ય વિદ્યાર્થીઓ માટે થોડા અઘરા પુરવાર થયા હતા. કેટલાક વિદ્યાર્થીઓ માટે આ પેપર લેન્ધી પણ પુરવાર થયું હતું.

### અહો આશ્ચર્યમ્

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવુ નહી... B/O'' જન વિભાગની ગાડીઓમાં ડિઝલ કે ગેસ ન ભરી આપવા પેટ્રોલપંપ કર્મીઓને આદેશ આપ્યા ઉપરાંત સૌ કોઈનું ધ્યાન જાય તે રીતે નોટીસ ચીપકાવી દેવાતા સરકારની આબરૂના જાહેરમાં ધજાગરા થઈ રહ્યા છે. પેટ્રોલ પંપ સંચાલકના જણાવ્યા પ્રમાણે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસે ગ્રાન્ટ જ ન હોવાથી બિલ ચુકવતુ નથી..!

ટચૂકડી જાહેર ખબર

મકાન ભાડે આપવાનું છે
પ્લોટ નં. ૧૨૫૪/૨, સેક્ટર-૭ડી, ચૌધરી હાઈસ્કૂલ સામે, પહેલા માળનું, ૧૩૫ મીટરના પ્લોટમાં.
સંપર્ક નંબર
૯૮૨૫૦ ૭૮૯૧૭

મકાન ભાડે આપવાનું છે
સેક્ટર-૪/બી, પ્રથમ માળે, ૨ રૂમ, રસોડુ, ગેલેરી, ગેસલાઈન, ગેસ ગીઝર, નાના કુટુંબો માટે
મો. ૭૦૪૬૯૬૮૦૧૩